[illegible] કુમાર,
સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટર,
સર્વ શિક્ષા અભિયાન અને
કમિશનર, પ્રાથમિક શિક્ષણ

ગુજરાત પ્રાથમિક શિક્ષણ પરિષદ
સર્વ શિક્ષા અભિયાન (એસએસએ)
સ્ટેટ પ્રોજેક્ટ ઓફિસ, સેક્ટર ૧૭
ગાંધીનગર-૩૮૨૦૧૭, ગુજરાત.
ફોન : (૦૭૯) ૨૩૨ ૪૩૧૩૩ ફેક્સ : ૨૩૨ ૩૮૪૦૪
E-mail: spdssa@gmail.com
Toll Free No 1800-233-7966

ક્રમાંક : SSA/MIS/૨૦૧૮/

તા. /૦૨/૨૦૧૮

પ્રતિ,

(૧) જિલ્લા શિક્ષણાધિકારીશ્રી
જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી
જિલ્લા : તમામ

(૨) જિલ્લા પ્રોજેક્ટ કો.ઓર્ડિનેટરશ્રી અને
જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી
સર્વ શિક્ષા અભિયાન મિશન કચેરી
જિલ્લા : તમામ

(૩) શાસનાધિકારીશ્રી
નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ
અમદાવાદ, વડોદરા, સુરત, રાજકોટ કોર્પોરેશન

**વિષય : માન. વડાપ્રધાનશ્રીના તા.૧૬ ફેબ્રુઆરી, ૨૦૧૮ના રોજ આયોજિત કાર્યક્રમ બાબત**

**સંદર્ભ : MHRD,ભારત સરકારના પત્ર ક્રમાંક D.O. No. 11-ADC20Note/4/2018-ADC(Acad) તા. ૦૫/૦૨/૨૦૧૮**

ઉપરોકત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે, તા.૧૬ ફેબ્રુઆરી, ૨૦૧૮ના રોજ માન. વડાપ્રધાનશ્રી પરીક્ષાનો તણાવ કેવી રીતે દૂર કરવો તે અંગે શાળાઓ અને કોલેજોના વિદ્યાર્થીઓ સાથે વાર્તાલાપ કરનાર છે. અત્રે ઉલ્લેખનીય છે કે માન. વડાપ્રધાનશ્રી દ્વારા લિખિત પુસ્તક "Exam Warriors" નું ભારત સરકારના માન. વિદેશ મંત્રી શ્રીમતી સુષ્મા સ્વરાજના વરદ હસ્તે તા. ૩ ફેબ્રુઆરી ૨૦૧૮ના રોજ માન. માનવ સંશાધન વિકાસ મંત્રીશ્રી પ્રકાશ જાવડેકરની પ્રેરક ઉપસ્થિતિમાં વિમોચન કરવામાં આવેલ છે.

માન. વડાપ્રધાનશ્રી તા.૧૬ ફેબ્રુઆરી, ૨૦૧૮ના રોજ સવારના ૧૧:૦૦ થી ૧૨:૦૦ સુધી ધો.૬થી ઉપરના ધોરણમાં અભ્યાસ કરતાં શાળાઓ અને કોલેજોના વિદ્યાર્થીઓને સંબોધી વકતવ્ય આપી વાર્તાલાપ કરનાર હોઈ સદર કાર્યક્રમનો લાભ દેશભરની તમામ શાળાના બાળકોને મળે તે માટે નીચે મુજબના વિવિધ માધ્યમથી કાર્યક્રમ નિહાળવા માટેની સુવિધા કરવામાં આવેલ છે.

૧. દુરદર્શન (DD National, DD News, DD India) પરથી જીવંત પ્રસારણ
૨. વેબકાસ્ટ (માન. વડાપ્રધાનશ્રી કાર્યાલય, દુરદર્શન, MHRD વેબસાઈટ- YouTube Channel , MyGov.in )
૩. Edusat દ્વારા ટી.વી. પ્રસારણ
૪. રેડિયો (All India Radio Medium Wave, All India Radio FM Channel) પરથી જીવંત પ્રસારણ

Scanned by CamScanner

રાજ્યની લગભગ તમામ શાળાઓ ટી.વી., કે.યુ. બેન્ડ ડીશ એન્ટેના તેમજ વિજળીકરણથી સુસજ્જ છે. જેથી તમામ શાળાઓ માન. વડાપ્રધાનશ્રીના કાર્યક્રમનું જીવંત પ્રસારણ નિહાળે તે સુનિશ્ચિત કરવા ટી.વી. અને અન્ય ઉપકરણોની ઉપલબ્ધતા ચકાસી જરૂરી વ્યવસ્થા કરવાની રહે છે.

આપના જિલ્લાની શાળાઓના ધો.૬થી ઉપરના ધોરણમાં અભ્યાસ કરતા તમામ બાળકોને કાર્યક્રમ નિહાળવા માટે આયોજન કરવા આપની કક્ષાએથી જરૂરી આદેશ અને સમીક્ષા કરવા આથી જણાવવામાં આવે છે.

વધુમાં, ઉકત કાર્યક્રમ નિહાળવા માટે શાળા કક્ષાએ કરવામાં આવેલ આયોજનની વિગતો તા.૦૮/૦૨/૨૦૧૮ને સાંજે ૫.૦૦ કલાક સુધીમાં આ સાથે સામેલ પત્રક–૧ મુજબ મોકલી આપવાની રહેશે. ઉપરાંત ૧૬ ફેબ્રુઆરી, ૨૦૧૮ના રોજ લાભ લીધેલ બાળકોની વિગતો તા. ૧૬/૦૨/૨૦૧૮ના રોજ સાંજે ૫.૦૦ કલાક સુધીમાં આ સાથે પત્રક–૨ મુજબ મોકલી આપવાની રહેશે.

તા. ૧૬/૦૨/૨૦૧૮ના રોજ આયોજિત વાર્તાલાપ કાર્યક્રમ દરમ્યાન ધો.૯ થી લઈને કોલેજમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓ પરીક્ષાના તણાવ સંબંધિત પ્રશ્નો માન. વડાપ્રધાનશ્રીને સીધા પુછી શકે તે માટે આ પ્લેટફોર્મથી પ્રશ્નો આમંત્રિત કરવામાં આવેલ છે: https://innovate.mygov.in/pm-interaction-with-students/. જેના પર વિદ્યાર્થીઓના અંગ્રેજી અથવા હિન્દીમાં ૧૦૦ શબ્દોથી વધુ નહિ તે રીતે મોકલવાના રહેશે.

**નોધઃ**– જિલ્લાની તમામ પ્રાથમિક, ઉચ્ચ પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓની પત્રક–૧ અને ૨ મુજબની માહિતી જિલ્લા પ્રોજેકટ કચેરી, સર્વ શિક્ષા અભિયાન ખાતે એકંદરિત કરી અત્રેની કચેરીએ ssa.misdata@gmail.com પર ઈમેઈલ કરવાની રહેશે.

(સંદીપ કુમાર)

**સવિનય નકલ રવાના જાણ સારું:–**

– **માન. અગ્રસચિવશ્રી, શિક્ષણ વિભાગ,**
બ્લોક નં.૫, ૭મો માળ,
સચિવાલય, ગાંધીનગર.

ક્ર.નં. ૨૭૩૪
જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી,
બનાસકાંઠા, પાલનપુર
તા.૧૨/૦૨/૨૦૧૮

નકલ રવાના જાણ તથા અમલ સારું

પ્રતિ,
આચાર્યશ્રી,
સરકારી/ગ્રાન્ટેડ/નોન-ગ્રાન્ટેડ
મા. અને ઉ.મા. શાળાઓ તમામ

Scanned by CamScanner